# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# REV VIDHANSABHA OVERALL

ગુજરાત વિધાનસભામાં આજે નાણા, ઊર્જા, સહકાર વિભાગ તેમ જ પાણી પૂરવઠા વિભાગના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. દરમિયાન કાયદા અને આરોગ્ય વિભાગની માગણીઓ પર ચર્ચા સાથે મતદાન થશે.

વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં ઊર્જામંત્રી કનુ દેસાઈએ કહ્યું: ‘જ્યોતિગ્રામ યોજનાનો લાભ વાડી અને ખેતર સુધી પહોંચાડવા રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં નિર્ણય લેવાશે.’

ખેડૂતોને દિવસે અપાતી વીજળી અંગે માહિતી આપતા શ્રી દેસાઈએ કહ્યું: ‘છોટા ઉદેપુર જિલ્લાના અનેક ગામડાને દિવસે વીજળી અપાય છે. આનાથી વન્ય પ્રાણીઓના ત્રાસ વચ્ચે ખેતી કરતા ખેડૂતોને રાહત મળી છે.’ રાજ્યના અન્ય બાકી રહેતા ખેડૂતોને પણ દિવસે વિજળી આપવાની કામગીરી પ્રગતિમાં હોવાનું શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.

# SANGHAVI STATEMENT

અમદાવાદની સેશન્સ અદાલતે ગૌ હત્યાના ઈરાદે ગૌવંશની ચોરી કરનારા બે આરોપીને સાત વર્ષની કેદ અને એક લાખ પાંચ હજાર રૂપિયાનો દંડ કર્યો છે. આ મુદ્દે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, આ મહિનામાં આ ત્રીજા કેસનો ચુકાદો સામે આવ્યો છે. તેમણે આ કાર્યવાહી માટે રાજ્ય પોલીસ અને કાયદા વિભાગને અભિનંદન પણ પાઠવ્યા હતા.

(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

# RAJKOT MARKET YARD

રાજકોટ માર્કેટ યાર્ડમાં આવતીકાલથી 31 માર્ચ સુધી રજા રહેશે. જેના કારણે પગલે હરાજી બંધ રહેશે અને ખેડૂતોને ઉત્પાદનો લઈને ન આવવાની સૂચના અપાઈ છે. રાજકોટના અમારા પ્રતિનિધિ જણાવે છે, યાર્ડમાં હરાજી બંધ રહેવાથી જીરું, ચણા, મેથી, રાઈની આવક બંધ જશે, પરંતુ એપ્રિલ મહિનાના પ્રારંભથી શરૂઆતના એક સપ્તાહ સુધી યાર્ડમાં શિયાળુ પાકની મોટા પ્રમાણમાં આવક થશે.

# MORBI – UPSC-GPSC

મોરબી મહાનગરપાલિકા દ્વારા સંઘ લોક સેવા આયોગ- UPSC અને ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC અંગે કારકિર્દીલક્ષી સેમિનાર યોજાયો. દરમિયાન મહાનગરપાલિકાના કમિશનર સ્વપ્નિલ ખરેએ જણાવ્યું: ‘મહાનગરપાલિકા દ્વારા ટૂંક સમયમાં શહેરમાં અદ્યતન ગ્રંથાલયનું નિર્માણ કરાશે.’

(બાઈટઃ સ્વપ્નિલ ખરે, મ્યુનિસિપલ કમિશનર, મહેસાણા મહાનગરપાલિકા)

# DANG GRD RECRUITMENT

ડાંગ જિલ્લા પોલીસ દ્વારા આજથી ગ્રામ રક્ષક દળ- GRD જવાનોની નવેસરથી ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી. સાપુતારા ખાતે શરૂ થયેલી આ પ્રક્રિયામાં 500 ઉમેદવારની ભરતી કરાશે. જિલ્લા પોલીસ વડા યશપાલ જગણિયાએ આ અંગે માહિતી આપી.

(બાઈટ: યશપાલ જગણીયા, -ડાંગ જિલ્લા પોલીસ વડા)

# DAMAN COAST GUARD PARED

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભારતીય તટરક્ષક દ્વારા યોજાયેલી પાસિંગ આઉટ પરેડમાં 2 નવા દરિયાઈ વિમાનચાલકને કમિશન અપાયા. આ ઉપરાંત બે નવા પાઇલટને વિંગ આપીને સન્માનિત કરાયા હતા. દમણના અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે, પરેડ દરમિયાન યોજાયેલી એક ડ્રિલમાં જવાનોએ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું.

# MEHSANA RAMNAVMI

મહેસાણાના કડી ખાતે રામનવમી નિમિત્તે ગત 44 વર્ષથી યોજાતી રથયાત્રા આ વખતે છ એપ્રિલે યોજાશે. આ અંગેની તૈયારીઓ માટે કડીના કરન-નગર માર્ગ નજીક ગાયત્રી મંદિર ખાતે 300થી વધુ કાર્યકર્તાઓની બેઠક યોજાઈ, જેમાં 25થી વધુ વિવિધ સમિતિની રચના કરવામાં આવી.

રથયાત્રામાં મોટી સંખ્યામાં સાધુ-સંતો, ભજન મંડળીઓ જોડાય, વિશેષ વેશભૂષા, ઊંટ લારીઓ, ઘોડા, હાથી અને કરતબબાજ સહિતના લોકો માટેની તેમજ બુન્દીના પ્રસાદ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)